RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 181, Dt.15-10-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# નિજજર હત્યા વિવાદમાં ગૃહમંત્રી અમિત શાહને સંડોવતું કેનેડા

## એક રીપોર્ટમાં ભારતના ગૃહમંત્રીનું નામ ઉમેરાયાનો દાવો, વોશીંગ્ટન પોસ્ટનો સનસનીખેજ રીપોર્ટઃ સિંગાપોર બેઠકમાં અજીત દોભલને કેન્દ્રીય ગૃહમંત્રી વિરૂદ્ધ પુરાવા સોંપાયા હોવાનો દાવોઃ કેનેડાની ધરતી પર કેનેડીયનની હત્યામાં ભારત સરકારની સીધી સંડોવણીઃ ભારત મુળભુત ભુલ કરી રહ્યું છેઃ ટ્રુડોનો આરોપ

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

ભારત અને કેનેડા વચ્ચે નવેસરથી છેડાયેલા ડીપ્લોમેટીક યુધ્ધમાં હવે કેનેડાનાં વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ તમામ હદ વટાવતા આક્ષેપ કર્યો કે ભારત સરકારે કેનેડાની ધરતી પર એક કેનેડીયન નાગરીક સામે અપરાધીક પ્રવૃતિ કરીને ખુબ મુળભૂત ભુલ કરી છે. તેઓએ બન્ને દેશોના તનાવ અંગે ભારત સરકાર કેનેડામાં ટાર્ગેટ કીલીંગ કરી રહી છે તેવુ જણાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પણ તેમાં ઘસડવા પ્રયાસ કરીને બન્ને દેશો વચ્ચે તનાવ સર્જયો છે.

કેનેડાનાં પાટનગર ઓકાવામાં એક પત્રકાર પરિષદને સંબોધન કરતા વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો ભારત સરકાર કેનેડાની ધરતી પર કેનેડાના નાગરીક સામે હત્યા કે અત્યાચાર કરે તે પૂર્વે અસ્વીકાર્ય છે.

તેઓએ કહ્યુ કે મે આ અંગે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ગત સપ્તાહનાં અંતે વાત કરી હતી અને સિંગાપોરમાં મળનારી નેશનલ સિકયોરીટી એડવાઈઝરીની બેઠકમાં પણ આ તનાવની ચર્ચા થશે અને



જણાવ્યું કે બન્ને દેશો વચ્ચે વિશ્વાસનું વાતાવરણ જરૂરી છે.

તેઓએ, જણાવ્યું હતું કે બન્ને દેશો અમોનાં સબંધો આટલા ઉગ્ર તનાવભર્યા બને તે કેનેડાની પસંદગી નથી પણ અમારા પર તે લાદવામાં આવી છે. બીજી તરફ કેનેડાએ ખાલીસ્તાની નેતા હરદિપસિંહ નિજજરની હત્યામાં ભારત સરકારની સંડોવણી સાથે એક રીપોર્ટમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહનુ પણ નામ હોવાનો ધડાકો થયો છે.

વોશીંગ્ટન પોસ્ટનાં એક રીપોર્ટ મુજબ નિજજરની હત્યા અંગે કેનેડા સરકારે જે રીપોર્ટ તૈયાર કર્યો છે તેમાં ભારતીય ડીપ્લોમેટીક મિશનનાં અધિકારીઓ સાથે હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનુ નામ પણ ઉમેરાયું છે. આ રીપોર્ટમાં અગાઉ છ ભારતીયના નામ હતા અને તેઓએ કેનેડાએ પર્સન ઓફ ઈન્ટ્રેસ્ટ તરીકે ગણાવ્યા હતા.

મતલબ કે નિર્જરની હત્યાના કેસમાં તેઓ પર પણ શંકા છે અને હવે તેમા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું નામ પણ જોડવામાં આવ્યું છે. વોશીંગ્ટન પોસ્ટના રીપોર્ટ મુજબ નિજજરની હત્યા એ કોઈ એકલ દોકલ ઘટના નથી કે અલગ સ્થિતિ નથી.ભારતના વરિષ્ટ અધિકારીઓ અને દેશની વિદેશી જાસુસી એજન્સી રો દ્વારા એક મોટા પ્રયાસનો ભાગ છે.કેનેડાના અધિકારીએ જણાવ્યું કે નિજજરની હત્યા અને અન્ય હત્યાઓ તથા કેનેડામાં જે હિંસા છે તેમાં તે સામેલ છે અને આ સુચના ભારતનાં ટોચનાં સ્તરેથી આપવામાં આવે છે.કેનેડાએ દાવો કર્યો છે કે, ભારતીય રાજદ્વારીઓની વાતચીત અને સંદેશાઓમાં ભારતનાં એક વરિષ્ઠ અધિકારી અને રોના એક અધિકારીનો સંદર્ભ છે અને તેઓ દ્વારા આતંકીઓ પર હુમલાની મંજુરી આપવામાં આવી હતી અને વોશીંગ્ટન પોસ્ટના રીપોર્ટમાં ભારતના આ ઉચ્ચ સ્તરના વ્યકિતની ઓળખ ગૃહમંત્રી અમિત શાહ તરીકે આપવામાં આવી છે.

જે ભારતમાં નંબર-૨ સ્થાને છે અને શનિવારે સીંગાપોરમાં એક બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભલને ગૃહમંત્રી અમિત શાહ અને અન્ય સામેના પુરાવા સુપ્રત કર્યા છે.ટ્રુડોએ જે સિંગાપોર બેઠકની વાત કરી તે હિંસા સંદર્ભની હતી.

## જમ્મુ - કાશ્મીર વિધાનસભામાં પાંચ સભ્યોના નોમિનેશન મુદ્દે સુનાવણીનો સુપ્રીમનો ઈન્કાર

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

કેન્દ્રીય ગૃહ મંત્રાલયની ભલામણ પર જમ્મુ-કાશ્મીર વિધાનસભા માટે પાંચ સભ્યોને નોમિનેટ કરવા માટેના ઉપરાજયપાલના અધિકારને પડકારતી અરજી પર સુપ્રીમ કોર્ટે સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સંજીવ ખન્નાના નેતૃત્વવાળી બેન્ચે અરજદારને હાઈકોર્ટમાં જવાનું કહ્યુ છે.

અરજદાર અને પ્રદેશ કોંગ્રેસ કમિટના મુખ્ય પ્રવકતા રવિન્દ્ર શર્મા તરફથી વરિષ્ઠ એડવોકેટ અભિષેક મનુ સિંઘવી સુપ્રીમ કોર્ટમાં હાજર થયા હતા. ન્યાયાધીશ સંજીવ ખન્ના અને સંજયકુમારે એડવોકેટ સિંઘવીને કહ્યુ હતું કે હાઈકોર્ટમાં જાઓ. દરેક બાબતે અહીં સીધા ન આવવું જોઈએ. સિંઘવીની દલીલો સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ઉપરાજયપાલ હજુ સુધી કંઈ નથી કર્યુ.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીર વિધાનસભા માટે પાંચ સભ્યો નોમિનેટ કરવાના ઉપરાજયપાલના અધિકારનો મુદ્દો ચૂંટણી પહેલા જ ઉઠયો હતો. આ પાંચ સભ્યોમાં બે મહિલા, બે કાશ્મીરી વિસ્થાપિત હિન્દુ અને એક પીઓકેના પ્રતિનિધિ સામેલ છે.

વિધાનસભા ચૂંટણીમાં નેશનલ કોન્ફરન્સને ૯૦માંથી ૪૨ સીટ મી છે. ગઠબંધનમાં સામેલ કોંગ્રેસના ૬ ધારાસભ્ય અને માકયાનો પણ એક સભ્ય નેશનલ કોન્ફરન્સ સાથે છે. 'આપ'નો એક સભ્ય અને પાંચ અપક્ષો પણ નેશનલ કોન્ફરન્સને ટેકો આપી રહ્યા છે.

નેશનલ કોન્ફરન્સના ૫૫ ધારાસભ્યો છે. જયારે પાંચ સભ્યો નોમિનેટ કરાયા બાદ કુલ સીટોની સંખ્યા વધીને ૯૫ થઈ જશે. નોમિનેટ પાંચ સભ્યો પાસે પણ અધિકાર હશે.



જયારે કોંગ્રેસે પરિણામ પહેલા જ આ મુદો ઉઠાવવાનું શરૂ કરી દીધુ હતું કે, પાંચ સભ્યોને નોમિનેટ કરવાનો અધિકાર ઉપરાજયપાલ પાસે નહીં પણ ચૂંટાયેલી સરકાર પાસે હોવો જોઈએ. આ વિરોધમાં નેશનલ કોન્ફરન્સ અને પીડીપી પણ સામેલ હતા.

## ચેન્નાઈ સહીત તામીલનાડુના અનેક ભાગોમાં મેઘરાજાની તોફાની બેટીંગ

મુખ્ય સમાચાર,ચેન્નાઈ

ભારેથી અતિભારે વરસાદના એલર્ટ વચ્ચે ચેન્નાઈ સહીત તામીલનાડુના અનેક ભાગોમાં મેઘરાજાની તોફાની બેટીંગથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી અને જનજીવન ઠપ્પ થઈ ગયુ હતું. ભારે વરસાદની આગાહીને પગલે આજે શૈક્ષણીક કાર્ય બંધ રાખવા અગાઉ જ જાહેર કરી દેવાયુ હતું.

દેશના ઘણા ક્ષેત્રોમાંથી ઈશાન ચોમાસાની વિદાય થઈ ગઈ છે.ત્યારે દક્ષિણમાં ઈશાન ચોમાસાનાં આગમનના ટકોરા પડી ગયા છે. આ ચોમાસાની શરૂઆત જ ધમાકેદાર રહેવાની હોય તેમ ચેન્નાઈમાં ભારે વરસાદના એલર્ટ વચ્ચે સ્કુલ-કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. ઉપરાંત ૧૮ મી સુધી કર્મચારીઓને વર્ક ફોમ હોમની છૂટ આપવા કંપનીઓને સુચના આપવામાં આવી છે.

સમગ્ર તામીલનાડુમાં આવતા ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. જેને પગલે આજે ચેન્નાઈ, કાંચીપુરમ, સહીત ચાર જીલ્લાઓમાં શૈક્ષણીક કાર્ય બંધ રાખવાનો આદેશ કરાયો છે.

ઉપરાંત ૧૮ મી સુધી કર્મચારીઓને વર્ક ફોમ હોમની છુટ આપવા કહેવામાં



આવ્યું છે. સંભવીત ભારે વરસાદના સંજોગોમાં ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરવા માટે આગોતરી તૈયારી કરવા સરકાર દ્વારા સુચના આપવામાં આવી છે.

ભારતીય હવામાન ખાતાના રીપોર્ટ અનુસાર ૧૬ ઓકટોબર સુધી તામીલનાડુ પુડુચેરી તથા કરાઈકાલમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. અને તેને પગલે ઓરેન્જ એલર્ટ ઘોષિત કરવામાં આવ્યુ છે.

## ઉત્તર પ્રદેશ જ નહીં છેલ્લા ત્રણ દિવસમાં પાંચ રાજયોમાં કોમી હિંસાથી તણાવ

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

ઉત્તર પ્રદેશનું બહરાઈચ કોમી હિંસાની આગમાં ભભૂકી રહ્યું છે. જ્યાં હજુ તંગદિલીનો માહોલ થાળે પડ્યો નથી. દેશમાં માત્ર ઉત્તરપ્રદેશ જ નહીં, છેલ્લા કેટલાક દિવસોથી દેશના અન્ય પાંચ રાજયો પણ કોમી તોફાનોનો સામનો કરી રહ્યા છે. યુપીના બહરાઈચ ઉપરાંત છેલ્લા ૭૨ કલાકમાં તેલંગાણા,પશ્ચિમ બંગાળ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ અને ઝારખંડ જેવા રાજયોમાં બે જૂથ વચ્ચે પથ્થરમારો, અથડામણના કિસ્સા જોવા મળ્યા છે.

તેલંગાણાના સિકંદરાબાદ જિલ્લામાં મુથ્યાલમ્મા મંદિરમાં અજાણ્યા લોકોએ તોડફોડ કરી હતી. આ મામલે પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી છે. તોડફોડની ઘટના બાદ દેખાવો શરૂ થયા હતાં. જિલ્લાના મોંડા માર્કેટ વિભાગમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. વિરોધ-પ્રદર્શનો દરમિયાન પોલીસે ભાજપ નેતા માધવી લતાની ધરપકડ કરી હતી. કેન્દ્રીય મંત્રી કિશન રેડ્ડી પણ મંદિર પહોંચ્યા હતા. અને આસપાસના વિસ્તારમાં સુરક્ષા વધારવામાં આવી હતી. પશ્ચિમ બંગાળમાં ૧૩ ઓક્ટોબરની રાત્રે દુર્ગા પંડાલમાં તોડફોડ કરવામાં આવી હતી. આ ઘટના હાવડા જિલ્લાના શ્યામપુર વિસ્તારમાં બની હતી. ભાજપનો દાવો છે કે આ દરમિયાન દેવી દુર્ગાની મૂર્તિને પણ નુકસાન થયું હતું. રાજ્યના વિપક્ષી નેતા સુવેન્દુ અધિકારીએ આ અંગે સોશિયલ મીડિયા પોસ્ટ લખી હતી કે, નશ્યામપુર પોલીસ સ્ટેશનથી પરત ફરતી વખતે, બદમાશોનું એક ટોળાએ અફરાતફરી મચાવી હતી. દુર્ગા પૂજા પંડાલમાં તોડફોડ કરી શ્યામપુર બજાર વ્યાપાર સમિતિના પૂજા પંડાલમાં મૂર્તિઓને આગ લગાવી હતી અને અન્ય પંડાલમાં પણ તોડફોડ કરી હતી. આ ઘટના બાદથી હાવડા ગ્રામીણ પોલીસ જિલ્લાના શ્યામપુર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં તણાવ વધ્યો છે.કર્ણાટકના બેલગાવી જિલ્લામાં બે જૂથો વચ્ચે અથડામણના અહેવાલો મળ્યા હતા, આ ઘટના ૧૩ ઓક્ટોબરે બની હતી. આરોપ છે કે રાત્રે દેવી દુર્ગાની મૂર્તિનું અપમાન કરવામાં આવ્યું હતું. અથડામણમાં ૩ લોકો ઘાયલ થયા છે, ૨ બાઈક અને ૧ કારને નુકસાન થયું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર પોલીસે ભીડને કાબૂમાં લેવા માટે લાઠીચાર્જ કર્યો હતો. એક દિવસ પહેલા મહાસી વિસ્તારમાંથી પણ અથડામણના અહેવાલ હતા. જ્યાં દુર્ગા મૂર્તિના વિસર્જન દરમિયાન વિવાદ થયો હતો. પોલીસે જણાવ્યું કે અહીં મહારાજગંજ વિસ્તારમાં થયેલી





અથડામણના સંબંધમાં ૩૦ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

ઉત્તર પ્રદેશના બહરાઈચમાંથી પણ હિંસાના અહેવાલો છે. ૧૩ ઓક્ટોબરના રોજ અહીંના હરદોઈ વિસ્તારમાં દુર્ગા મૂર્તિ વિસર્જન દરમિયાન ડીજે વગાડવા મુદ્દે વિવાદ થયો હતો. ત્યારબાદ હિંસા ફાટી નીકળી હતી. પથ્થરમારો અને આગચંપી બાદ ફાયરિંગ પણ થયું હતું. આ ઘટનામાં ૨૨ વર્ષીય રામ ગોપાલ મિશ્રાનું મોત થયું હતું. આ પછી મૃતકના ઘરે મોટી ભીડ એકઠી થઈ ગઈ. ટોળાએ નકવા ગામમાં પહોંચી આગ ચાંપી હતી. આરોપ છે કે ગામથી જ થોડા અંતરે સ્થિત એક મકબરાને તોડી પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોલીસે પરિસ્થિતિને કાબુમાં લીધી છે. આ વિસ્તારમાં ઈન્ટરનેટ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.

## ડીઝલમાં ૧૫ ટકા ઈથેનોલ ભેળવવાનું સંશોધન કાર્ય અંતિમ તબક્કામાં : નીતિન ગડકરી

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે ડીઝલમાં ૧૫ ટકા ઈથેનોલ ભેળવવાનું સંશોધન કાર્ય અદ્યતન તબક્કામાં છે અને સરકાર નક્કર પુરાવાના આધારે તેને પ્રાથમિકતા આપવાના માર્ગો શોધી રહી છે. કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીની બાયો-એનર્જી સમિટ-૨૦૨૪ ને સંબોધતાં ગડકરીએ કહ્યું કે સરકારી ડેટા અનુસાર ભારતમાં ઈથેનોલનું મિશ્રણ ૨૦૧૪ માં ૧.૫૩ ટકા થી વધીને ૨૦૨૪ માં ૧૫ ટકા થઈ ગયું છે. આ પ્રગતિથી પ્રેરિત થઈને સરકારે ૨૦૨૫ સુધીમાં પેટ્રોલમાં ૨૦ ટકા ભેળવવાનું મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય નક્કી કર્યું છે.

તેમણે જણાવ્યું કે ઈન્ડિયન ઓઈલે ૪૦૦ ઈથેનોલ પંપ સ્ટેશન સ્થાપવાનો નિર્ણય કર્યો છે. નસ્રઅમે



સુઝુકી, ટાટા અને ટોયોટા સહિતનાં ઓટોમેકર્સને પણ મળી રહ્યાં છીએ. આ ઓટોમેકર્સે ફ્લેક્સ-એન્જિન કાર લોન્ચ કરવાનું નક્કી કર્યું છે. મંત્રીના જણાવ્યાં અનુસાર, ટીવીએસ, બજાજ અને હોન્ડા જેવાં અન્ય ઓટોમેકર્સ ઈથેનોલ બાઈક સાથે તૈયાર છે અને તેમની બાઈક લોન્ચ કરવા માટે ઈથેનોલ પંપના આગમનની રાહ જોઈ રહ્યાં છે.ભારતની અશ્મિભૂત ઈંધણની અર્થવ્યવસ્થા ૨૨૨ લાખ કરોડ છે જ્યારે બાયોફ્યુઅલ અર્થતંત્ર માત્ર ૨ લાખ કરોડનું છે. વિસ્તરણ માટે વિશાળ અવકાશ છે અને તે તમામ હિસ્સેદારો માટે જીતની સ્થિતિ છે.સ્રસ્ર ગડકરીએ નોંધ્યું હતું કે એવાં સમયે જ્યારે વિશ્વમાં યુદ્ધ ચાલી રહ્યું છે અને ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓ વધી છે, ત્યારે ભારતનું વાર્ષિક અશ્મિભૂત ફ્યુઈલિમ્પોર્ટબિલેટ ૨૨ લાખ કરોડ હોય તે સારું નથી.

## ભારત - કેનેડાના તણાવથી ૭૦,૦૦૦ વિદ્યાર્થીઓનું ભાવિ અધ્ધરતાલ થવાનો ખતરો

### મંદિરો પર હુમલા જેવા ઘટનાક્રમો સર્જાવાની ભીતિથી ભારતીયોમાં ફફડાટ

મુખ્ય સમાચાર,ટોરેન્ટો

ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને ભારત અને કેનેડા વચ્ચે ફરી એકવાર રાજદ્વારી તણાવ વધી ગયો છે. ભારત સરકારે કેનેડાના છ રાજદ્વારીઓને પાછા બોલાવ્યા છે. તેમજ કેનેડાના છ રાજદ્વારીઓને ભારતમાંથી હાંકી કાઢ્યા છે.

આ મામલે પૂર્વ રાજદ્વારી કેપી ફેબિયનએ કહ્યું કે કેનેડાએ અમને હરદીપ સિંહ નિજ્જર કેસની તપાસ અંગે કહ્યું છે. આનો અર્થ એવો થાય કે રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ અમારા હાઈ કમિશનરની પૂછપરછ કરવા માંગે છે. પરંતુ આ કોઈપણ રીતે યોગ્ય નથી, તેથી ભારત સરકારે તેના રાજદ્વારીઓને પાછા બોલાવવાનો નિર્ણય કર્યો છે.

પૂર્વ રાજદ્વારીએ વધુમાં જણાવ્યું હતું કે, પબંને દેશો વચ્ચે સ્થિતિ હજુ વધારે ખરાબ થશે. જ્યાં સુધી જસ્ટિન ટ્રુડો કેનેડાના વડપ્રધાન છે ત્યાં સુધી કેનેડાના ભારત સાથે સંબંધ નહિ સુધરે. કેનેડામાં ૨૦૨૫માં ચૂંટણી છે. તેમજ ટ્રુડોની લોકપ્રિયતા પણ સતત ઘટી રહી છે. કેનેડાની અર્થવ્યવસ્થા પણ સારી સ્થિતિમાં નથી. આવી સ્થિતિમાં જો ત્યાં નવી સરકાર સત્તામાં આવશે તો જ આપણા સંબંધો સુધરશે. પરંતુ હાલ તો આ શક્ય જ નથી.

ભારત અને કેનેડાના તનાવની સૌથી વધુ અસર ભારતીય



વિદ્યાર્થીઓ પર પડી શકે છે. જેઓ કેનેડામાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનું અને ત્યાં સારું જીવન જીવવાનું સપનું જોઈ રહ્યા હતા તેમને આ તણાવની સૌથી વધુ અસર થશે.

આ સિવાય હિન્દુ મંદિરોને નિશાન બનાવી શકાય છે. તેમજ ખાલિસ્તાનીઓ કેનેડામાં હિન્દુઓ પર હુમલો કરી શકે છે તેવો પણ ખતરો છે. હાલ ભારતીય મૂળના અંદાજે ૨૦ લાખ કેનેડિયન મૂંઝવણની સ્થિતિમાં છે.

ભારતીય મૂળના કેનેડિયન લોકોનું કહેવું છે કે હાલમાં ભારત અને કેનેડાના સંબંધો એટલા ખરાબ છે જેટલા ક્યારેય કેનેડા અને ચીન વચ્ચે કે કેનેડા અને રશિયા વચ્ચે પણ નથી થયા.

ભારતીય મૂળના કેનેડિયનોને ચિંતા છે કે હાલમાં ૬૦ થી ૭૦ હજાર ભારતીય વિદ્યાર્થીઓ પહેલેથી જ ડેપ્યુટેશનનો સામનો કરી રહ્યા છે. આ ઉપરાંત ખાલિસ્તાનીઓ પ્રત્યે ટ્રુડોની સહાનુભૂતિ પણ આ બંને દેશો વચ્ચે તણાવ વધારી રહ્યું છે.

## ચૂંટણી પહેલા 'મફત યોજનાઓ' લાંચ સમાનઃ સુપ્રીમ કોર્ટમાં અરજીઃ સરકાર અને ચૂંટણી પંચને નોટિસ

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીની તારીખની આજે જાહેરાત થવાની છે. આ પહેલાં બંને રાજ્યોમાં સત્તાપક્ષો દ્વારા જનતા માટે ઘણી લોભામણી યોજનાઓની પણ જાહેરાત કરવામાં છે. મહિલાઓને દર મહિને ૨ હજાર રૂપિયા સુધી રોકડ આપવાની યોજનાનું એલાન થયું, તેમજ ટોલ ટેક્સમાં છૂટ જેવા નિર્ણયો પણ લેવામાં આવ્યા. જોકે, આવા નિર્ણયોને ચેલેન્જ કરતી એક અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. મંગળવારે (૧૪ ઓકટોબર) આ અરજી પર સુનાવણી કરતાં કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચને નોટિસ આપવામાં આવી છે. આ અરજીમાં કોર્ટ પાસે માગ કરવામાં આવી કે, ચૂંટણીની ઠીક પહેલાં મફત યોજનાઓની જાહેરાતને લાંચ ઘોષિત કરવી જોઈએ. તે મતદાતાઓને એક પ્રકારની લાંચ આપવા સમાન છે. સુપ્રીમ કોર્ટે આ અરજી પર કેન્દ્ર અને ચૂંટણી પંચને નોટિસ આપીને જવાબ માંગ્યો છે. આ સિવાય આ પહેલાં પણ જે પડતર અરજીઓ હતી તેને પણ આની સાથે જ જોડી દેવામાં આવી છે. અરજીકર્તાએ માગ કરી હતી કે, ચૂંટણીના થોડા સમય પહેલાં મફત યોજનાઓની જાહેરાતો પર પ્રતિબંધ લાગવો જોઈએ.

અરજીકર્તાએ કહ્યું કે, આવા પ્રતિબંધ ફક્ત સરકાર જ નહીં પરંતુ, તમામ રાજકીય પાર્ટીઓ પર પણ લાગવા જોઈએ. જણાવી દઈએ કે, મહારાષ્ટ્રથી લઈને ઝારખંડ સુધી આવી યોજનાઓની ભરમાર જોવામાં આવી છે. મહારાષ્ટ્ર સરકારે



મુંબઈ એન્ટ્રી પર લાગતા તમામ ટોલ ટેક્સ કાર માટે માફ કરી દીધાં છે. આ સિવાય પલાડકી બહિન યોજનાથની જાહેરાત પણ થઈ. વળી, ઓબીસી અનામત માટે ક્રીમીલેયર વધારવાની પણ ભલામણ કરવામાં આવી છે. આવી જ ઘણી યોજનાઓની જાહેરાત ઝારખંડમાં પણ થઈ છે. હરિયાણામાં પણ ચૂંટણીની ઠીક પહેલાં સરકારે આવા ઘણાં નિર્ણય લીધા હતાં. ચૂંટણી લડનારી કોંગ્રેસે પણ આવી ઘણી જાહેરાત કરી હતી. હવે આવી જાહેરાતોને લઈને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે.

# જામનગર એલસીબી ટીમે કુખ્યાત ધાડપાડુ ગેંગના પાંચ સભ્યોને ઝડપી લીધા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં લૂંટ-ધાડ કરવાના ઈરાદે ઉતરેલી ગેંગના પાંચ સભ્યોને એલસીબી. પોલીસની ટુકડીએ અનેક ધારદાર હથિયારો સાથે ઝડપી લીધા છે. જેઓ લૂંટ- ધાડની ઘટનાને અંજામ આપે તે પહેલાં જ પોલીસે તમામને અટકાયતમાં લઈ લીધા હતા.

જામનગરની એલસીબી.પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, કાલાવડ પંથકમાં ચોરી-લૂંટ-ધાડના ઈરાદે ઉતરેલી ચોક્કસ ગેંગ કે જે આસપાસના વિસ્તારમાં મોડી રાત્રે ઘૂમી રહી છે, જે બાતમીના આધારે કાલાવડના રણુજા રોડ પર એલસીબી.ની ટુકડીએ મોડી રાત્રે વોચ ગોઠવી હતી. જે દરમિયાન રણુજા રોડ પરથી પાંચ જેટલા શખ્સો શંકાસ્પદ હાલતમાં જણાયા હતા. તેઓને અટકાવીને તલાસી લીધી હતી. જે તલાસી દરમિયાન તેઓ પાસેથી ધાર દાર હથીયાર એવા લોખંડના પાઈપ, લાકડી, છરી, ગણેશીયા, ડીશમિસ, કટર જેવા ધારદાર અને જીવલેણ હથિયારો મળી આવ્યા હતા. ઉપરાંત ત્રણ નંગ મોબાઈલ ફોન સહિત કુલ ૧,૫૬,૨૯૦ લાખની માલમતા પોલીસ દ્વારા કબજે કરી લેવામાં આવી હતી.આ રાજ્ય વ્યાપી પલાસ ગેંગની મોડેસ ઓપરેટિંગની વાત કરવામાં આવે તો રાત્રિ દરમિયાન બંધ રહેણાંક મકાન તથા કારખાના ફેક્ટરીને ટાર્ગેટ કરતા હતા. લોખંડ વડે તાળા, બારી, તોડીને રહેણાંક મકાન તથા કારખાના ફેક્ટરીઓમાં પ્રવેશ કરી ચોરીને અંજામ આપતા હતા. મોડી રાત્રી દરમિયાન અવાવરૂ જગ્યાએ લૂંટ પણ ચલાવતા હતા. પલાસ ગેંગ પાસેથી પોલીસે રૂપિયા ૧.૧૫ લાખ રૂપિયા રોકડા, રૂ. ૩૦,૦૦૦નું મોટરસાયકલ તેમજ ₹૧૦,૫૦૦ના મોબાઈલ ફોન અને લોખંડનો પાઈપ, લાકડી, લોખંડની કોસ, સ્ટીલની છરી, લોખંડ ગણેશીયો, લોખંડ કટર, ડિસમિસ ગિલોલ સહિતના હથિયારો જપ્ત કર્યા છે. કુલ રૂપિયા ૧,૫૬,૨૯૦ નો મુદ્દા માલ કબજે કર્યો છે.આ ગેંગ દ્વારા ચોરી કર્યા કે લૂંટ કર્યા બાદ તમામ ગેંગના સાગરીતો અલગ અલગ જગ્યાએ જતા રહેતા હતા અને પબ્લિક ટ્રાન્સપોર્ટ દ્વારા અલગ અલગ જગ્યાએ મુસાફરી કરી અને મુખ્ય સ્થળ પર ભેગા થતા હતા. જેથી આ ગેંગને પકડવી ખૂબ જ મુશ્કેલ હતી. જામનગર એલસીબી પોલીસે ચોક્કસ બાતમીના આધારે તેમજ ટેકનીકલ સર્વેલન્સની મદદથી પલાસ ગેંગના પાંચ આરોપીને પકડવામાં સફળતા મળી છે.પલાસ ગેંગના પકડાયેલા આરોપી જેમાં કમલેશ બધીયા પલાસ ઉ ૨૧, અજય ધીરુ પલાસ ઉ.૩૦, ગોરધન ધીરુ પલાસ ઉ.૩૨, પંકેશ મથુર પલાસ ઉ.૨૭ ,રંગીત બાદર મીનામા ઉ.૨૪ છે આ બધા દાહોદ જિલ્લાના રહેવાસી છે.

પકડાયેલા આરોપીઓની ગુના ઈતિહાસની વાત કરવામાં આવે તો આરોપી પંકેશ મથુર પલાસ જેમના વિરુદ્ધ રાજયમાં અલગ અલગ



જિલ્લાઓમાં ૩૪થી વધુ ગુના નોંધાયા છે. જેમાં હત્યા, હત્યાની કોશિશ. લૂંટ સહિતના ગુનાને અંજામ આપ્યો છે તે ગેંગનો મુખ્ય શખ્સ છે. જેના વિરુદ્ધ રાજ્યમાં અનેક જિલ્લાઓમાં ગંભીર ગુના નોંધાયા છે.તેમજ કમલેશ બદીયા પલાશ વિરુદ્ધ રાજ્યમાં અલગ અલગ જિલ્લામાં ૧૦ જેટલા ગુના નોંધાયા છે. તેમાં લૂંટ, ધાડ, હત્યાની કોશિશ સહિતના ગંભીર ગુના નોંધાયા છે. ત્રીજો આરોપી ગોરધન ધીરુ પલાસ વિરોધ બેથી વધુ ગુના નોંધાયા છે. હાલ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવામાં આવ્યો છે. તેમજ ચોથો આરોપી અજય ધીરુ પલાસ જેના વિરોધ પણ બે ગંભીર ગુના નોંધાયા છે.

# ઉપલેટા આઈ.સી.ડી.એસ. ઘટક દ્વારા વિકાસ સપ્તાહ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટા આઈ. સી. ડી. એસ દ્વારા આઈ. સી. ડી.એસ યોજનાની અલગ અલગ સારી કામગીરી બદલ સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવેલ આ તકે વિકાસ શપથ પણ લેવામાં આવેલ આ કાર્યક્રમ મા બાળ વિકાસ યોજના અધિકારી ઉર્વશી બા જાડેજા દ્વારા વર્કરોને ખુબ સારી કુપોષણ, સારુ પોષણ અને યોજનાકીય કામગીરી માટે માર્ગદર્શન આપેલ આ તકે આ કાર્યક્રમમાં દાતાઓ, મામલતદાર સાહેબશ્રી,નગરપાલિકાના પૂર્વ પ્રમુખશ્રી દાનભાઈ ચંદ્રવાડીયા,તાલુકા પંચાયતના પ્રમુખશ્રી પ્રવિણાબેન હુંબલ તથા શ્રી સરસ્વતી શીશુ મંદિરના આચાર્ય સાહેબશ્રી હાજર રહ્યા હતા.

ઉપલેટા તાલુકાના આઈ.સી.ડી.એસ.કચેરી ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વિકાસ સપ્તાહ ઉજવણી



કાર્યક્રમ નું આયોજન કરવામાં આવે હતું જેમાં દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક તેમજ પુષ્પગુચ્છથી સ્વાગત ઉપલેટા તાલુકાનાં બાળ વિકાસ યોજના અધિકારી ઉર્વશીબા જાડેજા દ્વારા કરવામાં આવેલ ત્યાર બાદ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા છેલ્લા ૨૩ વર્ષ દરમ્યાન આંગણવાડી બાંધકામ, એચ.સી.એમ., ટી.એચ.આર. એમ.એમ.વાય. ઈ.સી.સી.ઈ., પા...પા... પગલી જેવી વિવિધ યોજનાઓ તેમજ રિપોર્ટિંગ અને મોનિટરિંગ જેવી વિવિધ બાબતોમાં આવેલ બદલાવ અંગે વિસ્તૃત સમજ ઉર્વશીબા જાડેજા દ્વારા આપવામાં આવેલ.

અહેવાલ નિલેશ સોલંકી ઉપલેટા

# યાર્ડમાં મગફળીની ૩૫૦૦૦ ગુણી, કપાસની ૧૦૦૦૦ ભારીની આવક

## સૌરાષ્ટ્રમાં પડી રહેલા પાછોતરા વરસાદની વચ્ચે રાજકોટ યાર્ડમાં જણસીની આવક વધી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ બેડી માર્કેટીંગ યાર્ડમાં ખરીફ પાકોની આવક શરૂ થઈ છે. આજે યાર્ડમાં મગફળીની ૩૫૦૦૦ ગુણી અને કપાસની ૧૦૦૦૦ જેટલી ભારીની આવક થઈ હતી. તમામ આવકને નવા બનાવવામાં આવેલા પતરાના શેડ નીચે ઉતારવામાં આવી હતી.

રાજકોટ માર્કેટ યાર્ડ હાલ સૌરાષ્ટ્રનું અગ્રમી હરોળનું યાર્ડ બની ગયુ છે. મોટા ભાગના ખેડુતો યાર્ડમાં પોતાની જણસી વેંચવા આવી રહ્યા છે. તેમજ ખુલ્લા બજારમાં સારા ભાવ મળતા ખેડુતોનો ઝુકાવ રાજકોટ યાર્ડ તરફ વધ્યો છે. માર્કેટ યાર્ડમાં આજે કપાસની રૂા.૧૬૬૦ સુધીમાં હરરાજી થઈ હતી. જયારે મગફળીનો રૂા.૧૨૧૦ સુધીમાં સોદા થયા હતા. યાર્ડમાં આજે મગફળીની ૩૫૦૦૦ ગુણી અને કપાસની ૧૦૦૦૦ ભારી આવક થઈ હતી. રાજકોટ સહીત સૌરાષ્ટ્રભરમાં પાછોતરો વરસાદ પડી રહ્યો છે. ખેડૂતોના મોઢે આવેલો કોળીયો જુટવાઈ રહ્યો હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું હોય જે ખેડૂતોએ કટીંગ કરી લીધું છે તેઓ પોતાની જણસી વહેલી તકે યાર્ડમાં લઈ આવી રહ્યા છે. વરસાદની વચ્ચે યાર્ડમાં આવક પણી વધી છે. વરસાદી માહોલમાં ખેડુતોની જણસી સચવાઈ રહે તે માટે યાર્ડમાં તાજેતરમાં જ નવા શેડું નિર્માણ કરવામાં આવ્યું છે. હાલ યાર્ડમાં આવતી તમામ જણસીની ઉતરાઈશેડ નીચે જ કરાવવામાં આવી રહી છે. યાર્ડ દ્વારા વધારવામાં આવેલી સુવિધાથી ખેડૂતો પણ આનંદ અનુભવી રહ્યા છે. નવરાત્રીનો તહેવાર પૂર્ણ થયો છે અને દિવાળીનો તહેવાર શરૂ થશે ત્યારે દિવાળી બાદ યાર્ડમાં નવી



જણસીની આવકમાં વધારો થશે અને ભાવમાં પણ તેજી આવવાની આશા વેપારીઓ અને ખેડૂતો રાખી રહ્યા છે. દિવાળી બાદ રાજ્ય સરકાર પણ ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદી કરશે અને તેના માટે હાલ રજીસ્ટ્રેશનની પ્રક્રીયા ચાલી રહી છે. માવઠાના લીધે પાકને નુકશાન થયું છે જેથી આ સિઝનમાં ગુણવતાયુક્ત જણસીના ભાવ આભને આંબશે તેવું વેપારીઓમાં ચર્ચાઈ રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાતમ બાદ મગફળી સતત યાર્ડમાં ઠલવાઈ રહી છે. નવરાત્રી દરમ્યાન આવકમાં વધારો થતા છેલ્લા બે ત્રણ દિવસથી મગફળીની આવક બંધ કરી દેવામાં આવી હતી. આજે ફરીથી આવક શરૂ કરાતાની સાથે જ ૩૫૦૦૦ ગુણી ઠલવાઈ હતી. આ વર્ષે સૌરાષ્ટ્રમાં પણ મગફળીનું વાવેતર પુષ્કળ પ્રમાણમાં થયું છે.

# દશેરાએ ચોટીલામાં રામ-રહીમ ફાઉન્ડેશન દ્વારા રાહત દરે જલેબી, ચોળાફળી અને સાટાનું વિતરણ કરવામાં આવ્યું

## ૧૫૦કિલો જલેબી, ૧૨૫ કિલો સાટા અને ૧૦૦ કિલો ચોળાફળી રાહતભાવે વિતરણ કરાઈ

**(અહેવાલ : મોહસીનખાન પઠાણ)**

ચોટીલામાં દશેરાના દિવસે રામ-રહીમ ફાઉન્ડેશન દ્વારા રાહત દરે જલેબી, સાટા અને ચોળાફળીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ચોટીલા પંથકમાં છેલ્લા વીસ વર્ષથી સેવાકીય પ્રવુતિઓ કરતી સંસ્થા દ્વારા દશેરાના દિવસે મધ્યમ વર્ગીય પરિવારો માટે રાહત દરે મીઠાઈ વિતરણ કરવામાં આવી હતી. રોજ બરોજ વધી રહેલા તેલ, બેસન સહિત જીવન જરૂરી વસ્તુઓના ભાવના કારણે સામાન્ય પરિવારોને જીવન નિર્વાહ કરવું મુશ્કેલ બન્યું છે ત્યારે ગરીબ તથા મધ્યમ વર્ગીય પરિવારોને તહેવારો ઉજવવા મુશ્કેલી ના પડે તે વાત ને ધ્યાને રાખીને ચોટીલાના સેવા ભાવી લોકોના માર્ગદર્શનથી રામ-રહીમ ફાઉન્ડેશન દ્વારા ચોટીલામાં પ્રથમ વાર રાહત દરે જલેબી, ચોળાફળી અને મીઠા સાટાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

હાલ બજારમાં જલેબી ૧૬૦ રૂપિયાથી ૨૦૦ રૂપિયા સુધી, ચોળાફળી ૩૦૦ રૂપિયા થી ૪૦૦ રૂપિયા સુધી અને મીઠા સાટા ૧૫૦ રૂપિયાથી લઈને ૨૦૦ રૂપિયા સુધી વેચાય છે ત્યારે સંસ્થા દ્વારા ગરીબ તથા મધ્યમ વર્ગીય પરિવારોની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મીઠા સાટા તથા જલેબી ફકત ૧૦૦ રૂપિયા કિલો અને ચોળાફળી ફકત ૨૦૦ રૂપિયા કિલો લોકોને રાહત ભાવે વિતરણ કરવામાં આવી હતી.

દશેરાના દિવસે સવારે ૦૯ વાગ્યા



થી સાંજે ૭ વાગ્યા સુધી ચાલેલા આ વિતરણ કાર્યક્રમમાં રામ-રહીમ ફાઉન્ડેશનના પ્રમુખ મોહસીનખાન પઠાણ, મેહુલભાઈ ખંધાર, જીતેન્દ્રસિંહ જાડેજા નિમિત્ત માત્ર સેવા અભિયાનના ડો.પાયલબેન મોરી, જ્યોતિબેન સીતાપરા, નિરાલીબેન ચૌહાણ, ગીતાબેન વાઘેલા, મોઈનખાન પઠાણ, તસ્લીમબેન પટેલ સહિત ચોટીલા નિવૃત્ત સરકારી કર્મચારી મંડળના બળદેવભાઈ ચાવડા, દિલાવરભાઈ મિર્જા, રમેશભાઈ કોબિયા અને અરવિંદભાઈ જોશી સહિતના કનાભાઈ પ્રજાપતિ, ભીખાભાઈ વાઘેલા(ભવાયા), ઋષભભાઈ શાહ, મિતભાઈ વાઘેલા, જેકિભાઈ ઝાલા જેવા સેવાભાવિ લોકોએ આ સતકાર્યને પરીપૂર્ણ કરવા જહેમત ઉઠાવી હતી.

# મોરબીના ચકચારી નિખિલ ધામેચાની હત્યા કેસમાં સીબીઆઈની તપાસ શરૂ

## મોરબી જિલ્લા પોલીસવડા કચેરીએ ચાર ટીમનું આગમનઃ નિખિલના માતાપિતા પાસેથી પણ વિગતો મેળવાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં નવ વર્ષ પૂર્વે નિખિલ પરેશભાઈ ધામેચા નામના ૧૪ વર્ષના માસુમ બાળકનું અપહરણ થયા બાદ લાશ મળી આવ્યાના ભેદભરમ વાળા બનાવમાં સ્થાનિક પોલીસ બાદ સીઆઈડી પણ તપાસમાં સત્ય સુધી પહોંચી ન શકતા અંતે ગુજરાત હાઈકોર્ટે સમગ્ર મામલે સીબીઆઈને સોંપતા સોમવારે સીબીઆઈની ચાર જેટલી ટીમોએ મોરબીમાં ધામા નાખી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હોવાનું સામે આવ્યું છે.

મોરબીમાં રહેતા અને દરજીકામ કરી ગુજરાન ચલાવતા પરેશભાઈ ધામેચાના ૧૪ વર્ષના પુત્ર નિખિલનું તા.૧૫-૧૨-૨૦૧૫ના રોજ અપહરણ થયા બાદ તા.૧૮-૧૨- ૨૦૧૫ના રોજ મૃતદેહ મળી આવતા સ્થાનિક પોલીસે અપહરણ અને હત્યા અંગે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી હતી પરંતુ સ્થાનિક પોલીસ આ ભેદભરમ સર્જનાર ઘટનામાં કોઈ નક્કર હકીકત સુધી ન પહોંચી શકતા હત્યાકેસની તપાસ સીઆઇડીને સોંપવામાં આવી હતી. પરંતુ સીઆઈડી પોલીસે પણ વર્ષો સુધી તપાસ કર્યો બાદ આરોપીઓ સુધી પહોંચી શકી ન હતી.

દરમિયાન નિખિલ ધામેચાના પિતા પરેશભાઈ ધામેચા અને માતા કીર્તિબેન ધામેચાએ હાઈકોર્ટમાં કાનૂની લડત આપી સીબીઆઈને તપાસ સોંપવા માંગ કરતા અંતે હાઈકોર્ટે સીબીઆઈને તપાસ સોંપતા સોમવારે



સીબીઆઈની ચાર જેટલી ટીમો મોરબીમાં ધામા નાખ્યા છે. સીબીઆઈની ટીમોએ હાલમાં મોરબી જિલ્લા પોલીસવડાની કચેરીએ બેઠક પોજવાની સાથે નિખિલના માતાપિતાની પણ બે કલાક સુધી પૂછપરછ કરી માહિતી મેળવી હોવાનું સુત્રો જણાવી રહ્યા છે, જો કે, સમગ્ર મામલે સીબીઆઈ ટીમોએ મીડિયા સમક્ષ વિગતો જાહેર કરી ન હતી.

# પાકિસ્તાન જેલમાં વધુ એક માછીમારે દમ તોડ્યો

**મુખ્ય સમાચાર,ઉના**



પાકિસ્તાનની લાડી જેલમાં વધુ એક ભારતીય માછીમારે દમ તોડયો છે.ઉનાના નવાબંદરનાં સુરેશ સોલંકી નામના માછીમારનું મોત થતા ભારતીય ફિશરીઝ વિભાગ દ્વારા માછીમારના પાર્થિવ દેહ માદરે વતન લવાયો છે.

આ દ્રશ્યો છે ગીરનાં ઉનાં તાલુકાનાં નવાબંદર ગામના.જ્યા આજે ૫૩ વર્ષ ના સુરેશભાઈ નાનુભાઈ સોલંકી નામના માછીમારનો મૃતદેહ આવતા પરિવારમાં કાળો કલ્પાંત છવાયો છે.સુરેશભાઈ સોલંકી અને તેના સાથી માછીમારોનું ૨૦૨૧નાં વર્ષમાં માછીમારી દરમ્યાન પાકિસ્તાન મરીન સિક્યોરિટી દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન મેરિન દ્વારા અપહરણ કરવામાં આવેલા માછીમારોને લાંબા સમયથી ઈસ્લામાબાદની જેલમાં કેદ રખાયા હતા.

આજથી ઘણા મહિના પહેલા આ માછીમારો પૈકી સુરેશભાઈ સોલંકી કુપોષણનો શિકાર બન્યા અને દિન પ્રતિદિન તેઓની તબિયત લથડતી ગઈ.પાકિસ્તાનમાં યોગ્ય સારવારને અભાવે આજથી ૩૭ દિવસ પહેલા સુરેશભાઈનું પાકિસ્તાનમાં તેમનું નિધન થયું.માત્ર થોડા દિવસ પહેલા સુરેશભાઈ નાં પરિવારને અચાનક તેઓના મોતની ખબર મળી.

જો કે ૩૭ દિવસ બાદ આજે હતભાગી માછીમારનો મૃતદેહ ઈસ્લામાબાદથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ આવ્યો હતો.એમ્બ્યુલન્સ મારફત આજે ૪.૦૦ કલાકે તેમનો મૃતદેહ માદરે વતન નવાબંદર ભારતીય ફિશરીઝ વિભાગ દ્વારા લવાયો હતો.હજુ પણ પાકિસ્તાનની જેલમાં ૨૦૦ થી વધુ ભારતીય માછીમારો સડી રહ્યા છે.જેના પરિવારજનોમાં ભારે ચિંતા ફેલાઈ છે.

# જામનગરમાં વિજળી પડતા બે લોકોના મોત

જામનગરમાં લાલપુરના ગજણા ગામે આકાશી વિજળી પડતા શ્રમિક યુવક અને એક બાળકના મોત નિપજ્યા છે.જામનગર શહેર સહિત હાલારમાં સતત ત્રીજા દિવસે પણ વરસાદ વરસ્યો હતો. જીલ્લામાં અડધાથી ત્રણ ઈંચ સુધીનો વરસાદ પડયો હતો. લાલપુર પંથકમાં સોમવારે વરસાદ સાથે આકાશી આફત પણ વરસી પડતા માસુમ બાળક સહિત બે લોકોના મોત થયા હતા. લાલપુર પંથકમાં દાના સોલંકી (ઉ.વ. ૪૫) અને રવિ વાઘેલા (ઉ.વ. ૭)ના આકાશી વિજળી પડતા મોત નિપજયા હતા. જયારે ગ્રામ્ય પંથકમાં જુદા જુદા બનાવમાં આકાશી વિજળી પડતા પાંચ શ્રમિક સહિત છ લોકો ઘાયલ થયા હતા.

# હળવદના ગોલસણ ગામે ઝેરી દવા ગટગટાવી યુવકે કર્યો આપઘાત

હળવદ તાલુકાના ગોલસણ ગામે રહેતા ૨૪ વર્ષીય મેહુલભાઈ વાઘજીભાઈ રાતૈયા નામના યુવકે કોઈ કારણોસર ઝેરી દવા ગટગટાવી લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. જેથી મૃતકની ડેડબોડી હળવદ સરકારી હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે બનાવ અંગે પોલીસને જાણ કરી હતી. હાલ હળવદ પોલીસે મૃત્યુના બનાવની અ.મોતની નોંધ કરી આપઘાત કરવા પાછળના કારણો શોધવા આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# વાંકાનેરના કેરાળા ગામે જુગાર રમતા ચાર પત્તાપ્રેમીઓ ઝબ્બે

વાંકાનેર સીટી પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન કેરાળા ગામે અમુક ઈસમો જુગાર રમતા હોવાની મળેલ બાતમીને આધારે રેઈડ કરતા જ્યાં કેરાળા ગ્રામ પંચાયતના પાણીના ટાંકા પાસે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા શાહરૂખભાઈ મજીદખાન પઠાણ ઉવ.૩૧, ગુલામભાઈ રસુલભાઈ માથકીયા ઉવ.૪૦, મામદભાઈ ઉસ્માનભાઈ મેસાણીયા ઉવ.૩૭ તથા લિયાકતભાઈ યુનુશભાઈ માથકીયા ઉવ.૨૮ તમામ રહે.કેરાળા તા.વાંકાનેરવાળાને રોકડા રૂ.૫,૪૫૦/-સાથે ઝડપી લેવામાં આવી તમામ ચારેય આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના રાયધ્રા ગામે રહેણાંકમાંથી માદક પદાર્થ પોસડોડાના ૧૧ કિલોથી વધુના જથ્થા સાથે વૃદ્ધની અટક

- **એસઓજી પોલીસે માદક પદાર્થ પોસડોડાનો જથ્થો, મોબાઇલ, વજન કાંટા સહિત રૂ. ૩૪,૯૮૪ નો મુદ્દામાલ જપ્ત કર્યો**

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી એસઓજી પોલીસે પૂર્વ બાતમીને આધારે હળવદના રાયધ્રા ગામે રહેણાંક મકાનમાં દરોડો પડી માદક પડાએથ પોસડોડાના ૧૧ કિલો ૩૨૮ ગ્રામના જથ્થા સાથે ૬૬ વર્ષીય વૃદ્ધની અટકાયત કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

મોરબી એસઓજી પોલીસ ટીમને બાતમી મળેલ કે હળવદ તાલુકાના રાયધ્રા ગામે ગામના ઝાંપા પાસે રહેતા મૈયાભાઈ ઉર્ફે પટેલ પોતાના રહેણાંકમાં માદક પદાર્થ પોસડોડાનો જથ્થો રાખી તેનું વેચાણ



કરતા હોય જેથી એસઓજી પોલીસે રાયધ્રા ગામે ઉપરોક્ત રહેણાંકમાં દરોડો પાડતા માદક પદાર્થ પોસડોડાનો ૧૧ કિલો ૩૨૮ ગ્રામનો જથ્થો કિ.રૂ.૩૩,૯૮૪/- મળી આવ્યો હતો, આ સિવાય ત્રાજવા-તોલા, મોબાઈલ સહિત કુલ કિ.રૂ.૩૪,૯૮૪/-નો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી મૈયાભાઈ ઉર્ફે પટેલ ગાંડાભાઈ પરસાડીયા ઉવ.૬૬ રહે. રાયધ્રા તા.હળવદવાળાની સ્થળ ઉપરથી અટક કરવામાં આવી હતી. પકડાય આરોપી વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરની સૈનિક શાળા બાલાચડીમાં ૬૩મા વાર્ષિક દિવસની ઉજવણી કરાઈ

જામનગર, સૈનિક શાળા બાલાચડી, જામનગરએ ૧૩ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ શાળાના ઓડિટોરિયમમાં તેનો ૬૩મો વાર્ષિક દિવસ ઉજવ્યો. આ પ્રસંગે જામનગરના સાંસદ પૂનમબેન માડમ મુખ્ય મહેમાન હતા. કેડેટ હર્ષિતા અને કેડેટ હેત્વીએ મુખ્ય મહેમાનનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત કર્યું હતું.

વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત મુખ્ય મહેમાન દ્વારા દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. કર્નલ શ્રેયશ મહેતા, આચાર્ય, સૈનિક સ્કૂલ બાલાચડીએ શાળાનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો જેમાં અગ્રણી સિદ્ધિઓ અને અધિકારી તરીકે સંરક્ષણ દળોમાં પ્રવેશ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાના શાળાના મિશન પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. પ્રિન્સિપાલે એમ પણ જણાવ્યું હતું કે શાળા વહીવટીતંત્ર વર્તમાન સિસ્ટમમાં નવીનતાઓ દાખલ કરીને ધોરણોને સુધારવા માટે સતત પ્રયત્નશીલ છે જેમ કે બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવું, નવી શિક્ષણ પદ્ધતિ અપનાવવી અને હાલની સુવિધાઓ અપડેટ કરવી. વાર્ષિક અહેવાલની રજૂઆત બાદ બાલાચડીયન દ્વારા મંત્રમુગ્ધ કરી દેનારી વિવિધતાનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. કેડેટ્સે ગણેશ વંદના, ફ્યુઝન ડાન્સ, ગરબા, માતાના અપ્રતિમ પ્રેમ અને બલિદાનને ઉજાગર કરતી અંગ્રેજી સ્કીટ, સ્વાતંત્ર્ય સેનાની ઉધમ સિંહ પર આધારિત હિન્દી સ્કીટ અને પજય હોથ સંગીત પર બાલનિકેતનના વિદ્યાર્થીઓ દેશભક્તિ નૃત્યના રૂપમાં તેમના અસાધારણ પ્રદર્શનથી શ્રોતાઓના દિલ જીતી લીધા. આનાથી માતા-પિતાને ખાતરી મળે છે કે તેમના બાળક તેમની પ્રતિભા અને હસ્તગત કૌશલ્યોથી જીવનના દરેક ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ બની શકે છે.


મુખ્ય અતિથિએ વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિવિધ શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ



દેખાવ કરનાર કેડેટ્સને ઈનામો, ટ્રોફી અને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. ટાગોર હાઉસના કેડેટ રોહન મહેતાને ધોરણ ૬ઈઈ માં રસાયણશાસ્ત્રમાં સૌથી વધુ ગુણ મેળવવા બદલ પ્રમાણપત્ર, રોકડ પુરસ્કાર અને ટ્રોફી, આંગ્રે હાઉસના કેડેટ પ્રાંશુ બોહરાને ધોરણ ૬ઈઈ માં ભૌતિકશાસ્ત્રમાં સૌથી વધુ ગુણ મેળવવા બદલ પ્રમાણપત્ર, રોકડ પુરસ્કાર અને રોલિંગ ટ્રોફીથી નવાજવામાં આવ્યા હતા અને વર્ગ ૬ઈઈ માં બાયોલોજીમાં સૌથી વધુ માર્કસ મેળવવા બદલ પુરસ્કાર પણ આપવામાં આવ્યો. શિવાજી હાઉસના કેડેટ ક્રિશ સોજીત્રાને ધોરણ ૬ઈઈ માં કોમ્પ્યુટર સાયન્સમાં સૌથી વધુ માર્ક્સ મેળવવા બદલ પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

ધોરણ ૬ઈઈ માં ગણિતમાં સૌથી વધુ માર્ક્સ મેળવવા બદલ ટાગોર હાઉસના કેડેટ રોહન મહેતા અને આંગ્રે હાઉસના કેડેટ અક્ષય કુમાર ને ઈનામો વહેંચવામાં આવ્યા હતા. જયારે ૬ઈઈ ધોરણમાં અંગ્રેજીમાં સૌથી વધુ માર્કસ મેળવવા બદલ ટાગોર હાઉસના કેડેટ રોહન મહેતા અને કેડેટ લેખ વશિષ્ઠ નેઈનામો વહેંચવામાં આવ્યા હતા.

# સોની પરિવારના ફાવુલભાઈના પુત્ર મિતનો આજે જન્મ દિવસ



ચોટીલાના આણંદપુર રોડ પર આવેલ બંસી જ્વેલર્સ વાળા ફાવુલભાઈ સોની અને ઉષાબેનના ક્યૂટ પુત્ર મિત નો આજે જન્મ દિવસ છે. ત્યારે મિત ના દાદા નરશીભાઈ તથા દાદી નીમુબેન અને બહેન માહી અને ભાઈ માધવ તરફથી જન્મ દિવસની ઘણી શુભકામનાઓ મળી છે. આજે મિત ના જન્મ દિવસથી નાંઢા(સોની) પરિવારમાં ખુશીનો માહોલ છે અને ઘરે મિત ના જન્મ દિવસની પાર્ટી છે.

## અવસાન નોંધ



સ્વ.નિર્મલાબેન હરગોવિંદભાઈ રાવલ તે સ્વ. હરગોવિંદભાઈ દુલભઁજીભાઈ રાવલના ધર્મ પત્ની તથા સ્વ કિરીટભાઈ હરગોવિંદભાઈ રાવલ, કમલેશભાઈ હરગોવિંદભાઈ રાવલ તથા સ્વ.મનોજભાઈ હરગોવિંદભાઈ રાવલના માતૃશ્રી તથા નીલાબેન જીતેન્દ્રકુમાર જાની અને હર્ષાબેન બિપીનકુમાર પંડ્યાના માતૃશ્રી તથા ધવલ રાવલ નિશિત રાવલ અને રાજ રાવલના દાદીમાનું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતનુ બેસણુ તા. ૧૭/૧૦/૨૦૨૪, ગુરુવારે સાંજે ૪:૩૦ થી ૬:૦૦, શ્રી પંચમુખી હનુમાનજી મંદિર, વેજીટેબલ રોડ, સામેકાઠે, મોરબી-૨ ખાતે રાખેલ છે.

લિ. રાવલ પરિવારના જયશ્રી કૃષ્ણ, જય મહાદેવ

# સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે વરસાદ ચાલુ: લાલપુર પાસે વીજળી પડતા બે ભડથું

## દ્વારકા જિલ્લાનાં ભાણવડમાં અઢી, ખંભાળિયામાં સવા બે ઈંચ, બગસરામાં વધુ અઢી ઈંચ: જામનગર જિલ્લામાં કડાકા ભડાકા: ૬ લોકો દાઝ્યા: ત્રણ પશુના જીવ ગયા: સાંજે હવામાનમાં પલ્ટો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્રમાં ગઈકાલે પણ ગાજવિજ સાથે વરસાદ યથાવત રહ્યો હતો. ખાસ કરીને દ્વારકા જિલ્લામાં ૨ થી ૨.૫ ઈંચ, બગસરા પંથકમાં ૨.૫ ઈંચ, વરસાદ પડયો હતો. જયારે જામનગર જિલ્લાનાં લાલપુર પંથકમાં આકાશી વિજળી વેરણ બની હોય તેમ બે-માનવ જીંદગી અને ૩ પશુઓનો ભોગ લેવાયો હતો.જયારે છ વ્યકિતઓ દાઝી ગઈ હતી.

આ ઉપરાંત ભાણવડ પંથકમાં પણ વિજળી પડતા દિવાલને નુકસાન થયું હતું.જયારે, ધારી અને સાવરકુંડલા પંથકમાં ભારે વરસાદથી મગફળીને અને અન્ય પાકોને નુકશાન થતા ખેડૂતો ચિંતાતુર બન્યા હતાં. દરમ્યાન સૌરાષ્ટ્ર માંથી મળતા અહેવાલો અનુસાર ખંભાળિયા સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા ત્રણેક દિવસથી મેઘરાજાનો મુકામ રહ્યો છે.

ત્યારે ગઈકાલે સોમવારે દિવસ દરમિયાન વાદળછાયા વાતાવરણ વચ્ચે બપોરે બે થી ચાર દરમિયાન સવા બે ઈંચ (૫૫ મી.મી.) વરસાદ વરસી ગયો હતો. જ્યારે ભાણવડમાં બપોરે ચાર થી છ દરમિયાન મુશળધાર અઢી ઈંચ (૬૩ મી.મી.) વરસાદ વરસી ગયો હતો. જેના કારણે ઠેર ઠેર પૂર જેવા પાણી ચાલી નીકળ્યા હતા. આ સાથે દ્વારકામાં ૧૦ મી.મી. વરસાદ નોંધાયો છે.

ભારે વરસાદના પગલે ખંભાળિયા શહેરના જુદા જુદા માર્ગો પર પાણી ચાલી નીકળ્યા હતા અને જનજીવન પ્રભાવિત બન્યું હતું. ગઈકાલે વીજળીના ગળગળાટ સાથે આકાશી વીજ ત્રાટકના બનાવોમાં અનેક સ્થળોએ આકાશી વીજ ત્રાટકી હતી. ખંભાળિયાની મેઈન બજારમાં આકાશી વીજ પડતા અનેક વીજ ઉપકરણો બળી ગયા હતા.

ખંભાળિયા તથા ભાણવડ તાલુકાના આ મુશળધાર વરસાદના પગલે ભાણવડ તાલુકામાં આવેલા વર્તુ- ૨ ડેમના ચાર દરવાજા એક ફૂટ સુધી ખોલવામાં આવ્યા હતા. આ સાથે નીચાણવાળા વિસ્તારોમાં લોકોને સાવચેતી કેળવવા તંત્ર દ્વારા અવગત કરાયા હતા.

છેલ્લા બે દિવસના આ વરસાદથી અનેક સ્થળોએ મગફળી સહિતના પાકોને નુકસાની થયા પામી છે. વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. આજે સવારે સૂર્યનારાયણના દર્શન થયા હતા. આ સાથે ખંભાળિયા તાલુકામાં મોસમનો કુલ વરસાદ ૯૪ ઈંચ, દ્વારકા તાલુકામાં સાડા ૮૮ ઈંચ, કલ્યાણપુર તાલુકામાં ૮૦ ઈંચ અને ભાણવડ તાલુકામાં પોણા ૬૭ ઈંચ વરસાદ વરસી ગયો છે. જિલ્લાનો કુલ સરેરાશ વરસાદ ૨૬૫ ટકા જેટલો થવા પામ્યો છે.

તથા બગસરા બગસરા પંથકમાં સાંજના ચારથી ૮:૩૦ સુધીમાં અઢી ઈંચ વરસાદ પડ્યો ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ મુંજીયાસર ડેમ ૯૮% ભરાયો( સમીર વીરાણી દ્વારા) બગસરાપંથકમાં મેઘમહેર ધીમીધારે અઢી ઈંચ વરસાદ પડ્યો સાંજના ચારથી ૮:૩૦ સુધીમાં અઢી ઈંચ વરસાદ પડ્યો હતો ત્યારે બગસરા ના નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા. ગ્રામ્ય વિસ્તારમાં મોટા મુંજીયાસર નાના મુંજીયાસર રફાળા લુંગીયા ઝાંઝરીયા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો તેમજ મુંજીયાસર ડેમમાં ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ હોવાને કારણે ૯૮% જેવો ડેમ ભરાઈ ગયો છે અને હજુ પાણીની આવક ચાલુ છે મુંજીયાસર ડેમ ભરાઈ જવાની પૂરેપૂરી શક્યતા જણાઈ રહી છે. ખેડૂતોમાં ખેતરોમાં નુકસાની જોવા મળી રહી છે અમુક ઉભા પાકને ભારે નુકસાની થઈ હોવાનું ખેડૂતો પાસેથી જાણવા મળેલ છે જેવો વરસાદ પડતા વરસાદ પડતા સમગ્ર બગસરા પંથકમાં ઠંડક પ્રસરી હતી. આ ઉપરાંત જામનગર જિલ્લાના લાલપુર પંથકમાં સોમવારે સાંજે ભારે ગાજવીજ સાથે પડેલા વરસાદમાં વીજળી નો કહેર જોવા મળ્યો હતો, અને વરસાદી વીજળીમાં બે માનવ જિંદગી હોમાઈ ગઈ હતી, જ્યારે અન્ય ત્રણ બળદોના મૃત્યુ નીપજ્યા હતા. ઉપરાંત છ વ્યક્તિઓ પણ વરસાદી વીજળીના કારણે દાઝી ગઈ છે. આ ઘટનાની વિગતો એવી છે કે જામનગર જિલ્લાના લાલપુર પંથકમાં સોમવારે સાંજે ૬.૦૦ વાગ્યા બાદ ભારે કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો આકાશમાં ભારે ગાજવીજ થઈ હતી, અને લાલપુર તાલુકાના ગજણા ગામના ખેડૂત આદમભાઈ જુમાભાઈ ની વાડીમાં ખેત મજૂરી કામ કરી રહેલા પરબતભાઈ દાનાભાઈ સોલંકી નામના ૪૫ વર્ષના યુવાન તેમજ તેના સાળા ના દીકરા રવિ પુનાભાઈ વાઘેલા નામના સાત વર્ષના બાળક કે જે બંનેના વરસાદી વીજળી પડવાના કારણે અંતરિયાળ મૃત્યુ નીપજ્યા હતા.

# રાજકોટ ખાતે કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણિયાના અધ્યક્ષસ્થાને ભારતીય માનક સંસ્થા દ્વારા ''વિશ્વ માનક દિવસ''ની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય ભારત સરકારના મંત્રીશ્રી નિમુબેન બાંભણિયાના અધ્યક્ષ સ્થાને ભારતીય માનક સંસ્થા, રાજકોટ દ્વારા વિશ્વ માનક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ તકે કેન્દ્રિય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું હતું કે, આપણાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતીય બ્રાન્ડનું મહત્વ વધ્યું છે, જેનાં કારણે ભારતની અર્થવ્યવસ્થા સબળ બની છે. આજે ભારત વિકાસની દિશામાં હરણફાળ ગતિએ આગળ વધી રહ્યું છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગરીબી નિર્મૂલન, સ્વચ્છ ભારત અભિયાન, પ્રાકૃતિક કૃષિ, જનધન યોજના સહિતના અનેકવિધ અભિયાનો થકી ગુજરાત સહિત દેશભરમાં મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે આજે ભારતમાં ઉત્પાદિત થતી વસ્તુઓની વૈશ્વિક લેવલે માંગ વધી છે અને ભારતના ઉત્પાદનો પર વિશ્વનો ભરોસો વધ્યો છે. આજે નસ્ત્રમેક ઈન ઈન્ડિયાસ્ત્રસ્ત્ર પર વિશ્વને વિશ્વાસ છે જેનું આપણને સૌને ગૌરવ છે. દેશને વિકસિત બનાવવા ગુજરાત રોલ મોડલ તરીકે ઉભરી આવ્યું છે. દરેક વસ્તુની ક્વોલિટીમાં માનક મહત્વનું છે. ભારતીય માનક ફક્ત ગ્રાહકોની આરોગ્યની સુરક્ષા માટે જ નહીં પરંતુ પર્યાવરણની સુરક્ષા માટે પણ કાર્યરત છે આ વેળાએ ધારાસભ્ય દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે, નસ્ત્રભારતીય માનક બ્યુરો ઉત્પાદનમાં ગુણવત્તા, લોકોને તાલીમ આપવા, જાગૃત કરવા તથા ગ્રાહકોની જરૂરિયાતો પૂર્ણ થાય તે સહિતની કામગીરી કરે છે. કોઈ




વસ્તુ જ્યારે માર્ક સાથે વિદેશમાં જાય ત્યારે દેશનું સન્માન જળવાતું હોય છે. છેલ્લા વર્ષોમાં ભારતીય ઉત્પાદનોના નિકાસનું પ્રમાણ પણ વધ્યું છે, જે દર્શાવે છે કે માનક કેટલું મહત્વપૂર્ણ છે. આ અવસરે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ કહ્યું હતું કે, કોઈપણ દેશને વિકસિત બનાવવામાં ઉદ્યોગક્ષેત્રનો સિંહફાળો હોય છે. દરેક વેપારી-ઉદ્યોગપતિએ ઉત્પાદન સ્ટાન્ડર્ડના લાયસન્સ લેવા જોઈએ તથા ઉત્પાદનની સારી ગુણવત્તા જાળવવી જોઈએ. ધારાસભ્યશ્રીએ કોઈ વેપારી, ઉદ્યોગપતિ માનક માટે કે જાણકારી મેળવવા ઓફિસે આવે ત્યારે તેમને પૂરતો સહકાર અને યોગ્ય માર્ગદર્શન આપવા અધિકારીશ્રીઓને સૂચન આપ્યું હતું.

કાર્યક્રમમાં ભારતીય માનક સંસ્થા રાજકોટના ડાયરેક્ટર પારિજાત શુક્લાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, ભારતીય માનક બ્યુરો દ્વારા દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

# રાજકોટ RTOમાં દશ દિવસમાં ૪,૧૯૮ વાહનોનું રજિસ્ટ્રેશન

## નવરાત્રિ-દશેરામાં ૬૯૭ કાર; ૩,૦૦૩ ટુ-વ્હીલરની ખરીદી થઈ, ૧૭ મોટર કેબ, ૮ બસ, ૧ એમ્બ્યુલન્સ પણ સામેલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નવરાત્રિના પર્વમાં શુભમુહૂર્ત ગણાતું હોય છે અને તે સમયે લોકો નવા વાહનોની ખરીદી કરતા હોય છે. ત્યારે રાજકોટ આરટીઓમાં આ વર્ષે નવરાત્રિના નવ દિવસ અને દશેરાનો એક દિવસ એમ મળી કુલ ૧૦ દિવસમાં ૪,૧૯૮ વાહનોનું રજીસ્ટ્રેશન થયું છે. જેમાં સૌથી વધુ ટુ વ્હીલર એટલે કે, મોટરસાયકલનું રજિસ્ટ્રેશન જોવા મળ્યું છે. નવરાત્રિના પર્વમાં રાજકોટના ૩,૦૦૩ લોકોએ ટુ વ્હીલરની ખરીદી કરી છે, તો ૬૯૭ કાર પણ ખરીદવામાં આવી છે.

રાજકોટ આરટીઓના ઈન્ચાર્જ આરટીઓ અધિકારી કેતન ખપેડે જણાવ્યું હતું કે, નવરાત્રિ દરમિયાન આરટીઓમાં નવા વાહનોની ખરીદી રજિસ્ટ્રેશન સારું એવું જોવા મળ્યું છે. જેમાં ૩ ઓક્ટોબરથી ૧૨ ઓક્ટોબર સુધી એટલે કે, નવરાત્રિના નવ દિવસ અને દશેરા એમ મળી ૧૦ દિવસમાં ૪,૧૯૮ નવા વાહનોનું રજિસ્ટ્રેશન થયું છે. જેમાં ટુ વ્હીલર અને ફોર વ્હીલર ઉપરાંત ખેતીમાં ઉપયોગમાં લેવાતા ટ્રેક્ટર તો ગુડઝ કેરિયર, થ્રી વ્હીલર પેસેન્જર અને ગુડઝ વાહનોની સાથે એમ્બ્યુલેશન અને બસનું પણ રજિસ્ટ્રેશન થયું છે.

સામાન્ય દિવસો કરતા નવરાત્રિ અને દશેરાના પર્વમાં નવા વાહનોની ખરીદીમાં ૭થી ૧૦%નો ઉછાળો આવે છે. કારણ કે, નવરાત્રિનો પર્વ જ શુભ ગણાય છે અને આ પર્વ દરમિયાન લોકો




નવા વાહનોની ખરીદી ખૂબ જ શુભ માને છે. તેને કારણે જ રાજકોટ આરટીઓમાં આ વર્ષે નવરાત્રિ અને દશેરાના પર્વમાં નવા વાહનોનુ રજિસ્ટ્રેશન ૪,૦૦૦ને પાર પહોંચી ગયું છે.

# પાક સર્વે પ્રશ્ને જિ.પં પ્રમુખ અને કોંગ્રેસ સદસ્ય મનસુખભાઈ સાકરીયા વચ્ચે શાબ્દિક ટપાટપી

## આજની સામાન્ય સભામાં રતન ટાટા અને શહીદ વિશ્વરાજસિંહ ગોહીલને શ્રધ્ધાંજલિ અપાઈ: આજે મહત્વના ૮ ઠરાવો કરાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજે રાજકોટ જિલ્લા પંચાયતની દિવાળી પહેલાની અંતિમ સામાન્ય સભા જૂના મોચીબજાર ખાતે આવેલ જૂના કોર્ટ બિલ્ડીંગ ખાતે પ્રમુખ પ્રવિણાબેન રંગાણીના અધ્યક્ષતામાં મળી હતી. જેમાં પ્રથમ દેશના ઉદ્યોગપતિ રતન ટાટા તેમજ જામકંડોરણાના વતની તાજેતરમાં શહીદ થયેલાં વિશ્વરાજસિંહ ગોહીલને શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. બાદમાં સામાન્ય સભાનું કામ હાથ ધરાયું હતું. તેમાં કોંગ્રેસના સદસ્ય વિનુભાઈ મેણીયા દ્વારા જૂદા જુદા વિસ્તારોમાં પાક નુકસાની સર્વે બાબતે પ્રશ્ન પૂછાયો હતો. તે મુદ્દે પ્રમુખ અને વિનુભાઈ વચ્ચે ચકમક





(તસ્વીર: આનંદ જાવિયા)

ઝરી હતી. વિનુભાઈએ જવાબદાર અધિકારીને પ્રશ્ન પૂછયો હતો કે ચાલુ વર્ષમાં ચોમાસા દરમિયાન વધારે પડતા વરસાદને કારણે જસદણ અને વિંછીયા તાલુકામાં મોટેપાયે શાકભાજીના પાકોમાં નુકસાન થયેલ છે. આ અંગે સર્વે કરાવ્યો છે કે કેમ ? વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ખેડૂતોને યોગ્ય સહાય આપવામાં કેમ ઠાગાઠૈયા કરવામાં આવે છે. આ પ્રશ્ન સાંભળી પ્રમુખ પ્રવિણાબેન રંગાણી ઉકળી ઉઠયા હતા. તેઓએ સામાન્ય સભામાં મનસુખભાઈને ખખડાવી નાંખીને જણાવ્યું હતું કે તમે ફકત ને ફકત સસ્તી પ્રસિધ્ધિ મેળવવા માટે મિડિયા સમક્ષ સામાન્ય સભામાં જ પ્રશ્ન પૂછો છો. આ વાત તમે કેમ પહેલેથી જ મને જણાવતા નથી. આ બાબતે બંને વચ્ચે ચકમક ઝરી હતી. બાદમાં અન્ય સદસ્યએ મામલો થાળે પાડયો હતો.

આજની સામાન્ય સભામાં મનસુખ દ્વારા અન્ય પ્રશ્ન પણ પૂછાયો હતો જેમાં જસદણના ગોખલાણા ગામે તેઓએ તળાવ રિપેરીંગમાં નબળુ કામ થયાનું ખુલ્લો આક્ષેપ તંત્ર સમક્ષ કર્યો હતો. જેના જવાબમાં પ્રમુખે જણાવ્યું હતું કે જો આપને સંતોષ ન થયો હોય તો ફરી એકવાર આ કામગીરીનું નિરિક્ષણ હાથ ધરાશે અને જો કોઈ જવાબદાર હશે તો તેમની સામે પગલાં લેવાશે. બાદમાં જિલ્લા પંચાયતની ગત સામાન્ય સભામાં જે નિર્ણયો લેવાયા હતા તે નિર્ણયોને તમામ સદસ્યોએ સર્વાનુમતે બહાલી આપી હતી.

વધુમાં આજની સામાન્ય સભામાં જુદા જુદા ૮ ઠરાવો કરવામાં આવ્યા હતા. આજની સામાન્ય સભામાં ડીડીઓ નવનાથ ગવ્હાણે, ડેપ્યુટી ડીડીઓ, શાખા અધિકારીઓ તેમજ જિલ્લા પંચાયતના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### આજે મંજૂર થયેલાં જુદા જુદા ઠરાવો

ઠરાવ નં. (૧) આપણે જિલ્લા પંચાયત મદદ અને વિકાસ ફંડ નામે એક ફંડની સ્થાપના કરવાનું ઠરાવીએ જેમાં (૧) સેવાભાવી સંસ્થા, ઓદ્યોગિક સંસ્થા તથા વ્યક્તિ ફાળો આપી શકે (૨) દાતાઓ દ્વારા કોઇ નિયત હેતુ માટે આપવામાં આવેલ રકમ અન્વયે સરકારની પ્રવર્તમાન નિયમોનુસાર ખર્ચ કરી શકાશે. (૩) જુદા બેન્ક અકાઉન્ટ નિભાવવાના રહેશે. (૪) વિકાસ કમિશન, ગાંધીનગરને મંજુરી અર્થે મોકલી, મંજુરીની શરતે કાર્યવાહી કરવાની રહેશે. આ ફંડની સ્થાપના વખતે જિલ્લા પંચાયત પ્રમુખને હોદાની રૂએ સરકારશ્ર જોગવાઈ મુજબ જે માનદ વેતન મળવા પાત્ર છે તે ચાલુ વર્ષનું પ્રમુખને મળવાપાત્ર તમામ માનદ વેતનની રકમ આ ફંડમાં આપવા માટે આજની સામાન્ય સભામાં જાહેરાત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ કરી હતી ઠરાવ નં. (૨) દીકરીની માતાને પોષણ સહાય યોજના માટે આજની સામાન્ય સભામાં જાહેરાત કરીએ છીએ જેમાં દીકરીના જન્મ સમયે પરિવારને ૧ કિ.ગ્રા. ગીર ગાયનું ઘી, કપડા અને દવાની કીટ માટે રૂ.૪૦૦૦/-ની મદદ કરવામાં આવશે જે માટે અંદાજે રૂપિયા ૧૦ લાખ સુધીની જોગવાઇ આગામી રીવાઇઝ બજેટમાં જોગવાઇ કરવાની શરતે આજની સામાન્ય સભામા ઠરાવીએ છીએ. ઠરાવ નં. (૩) વિચરતી જન જાતિના દીકરા-દીકરી માટે શિક્ષણ સહાય માટે આજની સામાન્ય સભામાં જાહેરાત કરીએ છીએ જેમાં ધોરણ ૧૨ સુધી દર વર્ષે રૂ.૫૦૦૦/- ની સહાય (એક વખત) આપવામાં આવશે જેનો અંદાજે લક્ષ્યાંક ૪૦૦ છે જે માટે ૨૦ લાખ સુધીની જોગવાઇ આગામી રીવાઈઝ બજેટમાં જોગવાઇ કરવાની શરતે આજની સામાન્ય સભામા છીએ. ઠરાવીએ ઠરાવ નં. (૪) જળ સંચય જન ભાગીદારી અભિયાન હેઠળ તમામ સદસ્ય દીઠ ૨ જળ સંચયના કામો લઈએ જેમાં એક જળ સંચયના કામ દીઠ રૂ.૬૦,૦૦૦/- ની સહાય આપવામાં આવશે જેનો ખર્ચ જિલ્લા પંચાયત સ્વભંડોળમાંથી થશે જે રીવાઈઝડ બજેટમાં જોગવાઇ કરવાની શરતે આજની સામાન્ય સભામા ઠરાવીએ છીએ. ઠરાવ નં. (૫) વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૭ ઓક્ટોબર, ૨૦૦૧ નાં રોજ ગુજરાત રાજ્યના ૧૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લઇ વિકાસની રાજનીતિનો એક યુગ શરુ કર્યો હતો અને આ વણથંભી યાત્રાને તાજેતરમાં ૨૩ વર્ષ પૂર્ણ થયા છે જે બદલ નરેન્દ્રભાઈ મોદી નો ઋણ સ્વીકાર કરીએ છીએ અને તેમને ખુબ ખુબ અભિનંદન પાઠવીએ છીએ જે અભીનંદન ઠરાવ આજની સામાન્ય સભામા કરીએ છીએ. તેમ પ્રમુખે જણાવ્યું હતું.

# ક્ષત્રિય મહિલા અગ્રણી પદ્મિનીબા વાળા અને તેના પુત્રનો ગિરિરાજસિંહ વાળા પર પાઈપથી હુમલો

## મોડી રાતે થયેલ ઘટનામાં ગિરિરાજસિંહ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના ક્ષત્રિય મહિલા અગ્રણી પદ્મિનીબા વાળા ફરીવાર ચર્ચામાં આવ્યાં છે અને આ વખતે ઘરમાં જ ડખ્ખો થયાનું સામે આવ્યું છે. ગઈ મોડી રાતે પદ્મિનીબા વાળા અને તેના પુત્રએ તેમના પતિ ગિરિરાજસિંહ વાળા પર પાઈપથી હિંચકારો હુમલો કર્યો હતો.

બનાવમાં ગંભીર ઈજાગ્રસ્ત થયેલ ગિરિરાજસિંહને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે પોલીસે મૌન ધારણ કરી લીધું હતું અને મામલે થાળે પડી ગયાની વાતનું રટણ કર્યું હતું.



પ્રાપ્ત વિગત મુજબ, રેલનગરમાં આવેલ રામેશ્વર પાર્ક-૫ માં રહેતાં ગિરિરાજસિંહ અનિરૂદ્ધસિંહ વાળા (ઉ.વ.૪૭) ગઈ રાતે પોતાના ઘરે હતાં ત્યારે રાત્રે ૧ વાગ્યાની આસપાસ તેમના પત્ની અને ક્ષત્રિય મહિલા અગ્રણી પદ્મિનીબ વાળા તેમજ પુત્ર સત્યજીતસિંહ પાઈપ સાથે ઘસી આવ્યાં હતા અને કોઈ કારણોસર ઝઘડો કરી ગિરિરાજસિંહ પર પાઈપથી હુમલો કરી ફટકાર્યા હતાં.

બનાવમાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્ર. નગર પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી ગયો હતો અને ઈજાગ્રસ્તનું નિવેદન નોંધ્યું હતું. જો કે, પોલીસે બંને પક્ષ વચ્ચે સમાધાન થઈ જતાં મામલો થાળે પડ્યો હોવાની વાત કરી હતી. તેમજ ઈજાગ્રસ્ત ગીરીરાજસિંહ પણ મોડી રાતે ટૂંકી સારવાર લઈ હોસ્પિટલમાંથી રજા લઈ નીકળી ગયાં હતાં.

ઉલ્લેખનીય છે કે, ક્ષત્રિય મહિલા અગ્રણી પદ્મિની બા ગત લોકસભા ચૂંટણીથી લાઈમ લાઈટમાં આવેલ છે અને ચૂંટણી દરમિયાન મોટું આંદોલન પણ ચલાવ્યું હતું. જ્યારે બંને પતિ-પત્ની વચ્ચે અણબનાવ પણ ચાલતો હોવાની ચર્ચા છે.

# ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી મહામંડળના અધ્યક્ષપદે અંબરીશ ડેરની નિયુકિત



રાજુલાના પૂર્વ ધારાસભ્ય અને લોકસભા ચૂંટણી પૂર્વે ભાજપમાં જોડાનાર અંબરીશ ડેરને ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી મહામંડળના અધ્યક્ષ તરીકે નિયુકિત આપવામાં આવી છે. ડેર ૨૦૧૭ની ચૂંટણીમાં રાજુલા ધારાસભા બેઠક પરથી ચુંટાયા હતા અને તેઓ ભાજપમાં જોડાયા બાદ લોકસભા ચૂંટણીમાં પણ સક્રિય હતા અને તેઓને ભાજપ તરફથી કોઈ ખાસ પદ અપાશે તેવી ચર્ચા હતી. તે વચ્ચે આજે થયેલી જાહેરાત મુજબ શ્રી ડેરને ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી મહામંડળના અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે. રાજયના વિવિધ કર્મચારી મહામંડળોના સંગઠનમાં રાજકીય નિયુકિતઓ થાય છે.

## વેરાવળ-રાજકોટ પેસેન્જર ટ્રેન ૨૨ ઓકટોબર સુધી વેરાવળ સ્ટેશનથી ૧ કલાક ૧૫ મિનિટ મોડી ઉપડશે

રાજકોટ ડિવિઝન ના રાજકોટ-ભક્તિનગર સેક્શનમાં એન્જિનિયરિંગના કામ માટે ૧૫.૧૦.૨૦૨૪ થી ૨૨.૧૦.૨૦૨૪ દરમિયાન લેવામાં આવતા બ્લોકને લીધે વેરાવળ સ્ટેશનથી ઉપડનારી ટ્રેન નંબર ૦૯૫૧૪ વેરાવળ-રાજકોટ પેસેન્જર ટ્રેનનું સમયપત્રક રિશિડ્યુલ કરવામાં આવ્યું છે. આ ટ્રેન વેરાવળ સ્ટેશનથી તેના નિર્ધારિત સમય ૧૭.00 ના બદલે 0૧ કલાક ૧૫ મિનિટ મોડી એટલે કે ૧૮.૧૫ વાગ્યે ઉપડશે. બ્લોકને કારણે ઉપરોક્ત ટ્રેન ૧૫.૧૦.૨૦૨૪ થી ૨૨.૧૦.૨૦૨૪ સુધી રિશિડ્યુલ સમય મુજબ ચાલશે. રૂટ પરના અન્ય સ્ટેશનો પર ટ્રેનના સમયમાં ફેરફાર થશે. વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઇટ .enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ઢળતી ઉંમરે સહારા માટે અનુબંધ ફાઉન્ડેશનનો ફરી એકવાર નવો પ્રયોગ : ૭૦ વડીલો માટે થાઈલેન્ડમાં ૫ દિવસનુ પસંદગી સંમેલન થશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

અમદાવાદની અનુબંધ ફાઉન્ડેશન ૨૫ વર્ષથી સિનિયર સિટીઝનો માટે પસંદગી સંમેલનનું આયોજન કરતી આવી રહી છે. આ ફાઉન્ડેશનને અત્યાર સુધીમાં ૩૦૦ થી વધારે સિનિયર સિટીઝન વડીલોને લગ્ન કરાવી આપ્યા છે. ત્યારે પહેલી વાર વડીલો એકબીજાને સમજી શકે તે માટે જીવનસાથી પસંદગી સંમેલનની સાથે સાથે પિકનિકનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શહેરના ૫૦ પુરુષ અને ૩૦ મહિલાઓને ઓક્ટોબર મહિનાના અંત સુધીમાં થાઈલેન્ડ માટે ટુર પર લઈ જવામાં આવશે. અનુબંધ ફાઉન્ડેશનના પ્રમુખ નટુભાઈ પટેલના જણાવ્યા અનુસાર સંસ્થા દ્વારા નક્કી કરવામાં આવ્યું છે કે વડીલો એકબીજાની સાથે રહી શકે તેમ જ એકબીજાને ઓળખી શકે તે માટે બીજીવાર આ પ્રકારના જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. વડીલોનું કહેવું છે, સાથે રહિયા અને ફરવાથી વિચારો કેવા છે તેની ખબર પડે તે માટે આ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. ચાર દિવસ સુધી દરેક વડીલો એકબીજાની સાથે રહેશે તો સારી રીતે એકબીજાને જાણી શકશે આ ઉપદેશથી થાઈલેન્ડમાં પિકનિકની સાથે પસંદગી સંમેલન યોજાશે. તમામ વડીલોને અમદાવાદથી લઈ જવામાં આવશે, સાથે સાથે તેમને તમામ વડીલો માટે ૩ સ્ટાર હોટલમાં ઉતારો આપવામાં આવશે. વધુ ઈચ્છુક ઉમેદવારો વાસણા ખાતે આવેલી નંદ ગોપી સોસાયટીમાં નવકાર દેરાસરની સામે અનુબંધ ફાઉન્ડેશનમાં સંપર્ક કરી શકશે.

### દુબઇ, નેપાળ બાદ હવે કાશ્મીરમાં સંમેલન થશે

અનુબંધ ફાઉન્ડેશન દ્વારા વધારે સંખ્યામાં વડીલો ભાગ લે તે હેતુથી દુબઈમાં અને નેપાળમાં ભવ્ય સંમેલનનું આયોજન કર્યા બાદ આગામી મહિનામાં ૩૦૦ વડીલો માટે કાશ્મીરમાં જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે. સાથે સાથે રાજ્યભરના કેટલાક વૃદ્ધાશ્રમોમાં રહેતા વિધવા મહિલાઓને અનુબંધ ફાઉન્ડેશન દ્વારા શિબિર યોજીને જીવનસાથી પસંદગી સંમેલનમાં જોડાવા વિનંતી કરવામાં આવશે. અનુબંધ ફાઉન્ડેશનમાં સિનિયર સિટીઝન પુરુષોની સામે મહિલાઓ ઓછું રજીસ્ટ્રેશન કરાવે છે. ૧૨ હજારથી વધુ પુરુષ વડીલોની અરજી હાલ પેન્ડિગ પડી છે. થાઈલેન્ડમાં યોજાનારા પસંદગી સંમેલનમાં વડીલો સાથે વિવિધ પ્રકારની રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ૫૦ વર્ષથી વધુના વડીલો આ સંમેલનમાં જોડાશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

